# SHREE VASISHTHA VIDHYALAYA

## Gujarati 2nd Language Worksheet 2025-26

Name : - ______________________ Std.:- V - ________

Roll No. :-________ Worksheet No.CA-3 Date : - ________

**Ch: પાઠ -૪ જશોદા તારા કાનુડાને, પાઠ-૫ પોથી પંડિત, જોડણી, સમાનર્થી, સર્વનામ**

**ગદ્યાંશ**

એક ખેડૂત હતો. તેને એક મરઘી હતી. મરઘી જાદુઈ હતી. તે દરરોજ સવારે સોનાનું એક ઈંડું મૂકતી હતી. ખેડૂત સોનાનું ઈંડું શહેરમાં જઈ વેચી આવતો હતો. તેને ઈંડાની સારી રકમ મળતી હતી. સુખચેનથી રહેવા લાગ્યો. એક દિવસ ખેડૂતને વિચાર આવ્યો. આ મરઘીને મારીને તેના શરીરમાંથી સોનાનાં બધા ઈંડા એક સાથે કાઢી લેવામાં આવે તો કેવું સારું? દરરોજ સોનાનું ઈંડું વેચવા શહેરમાં જવાની ઝંઝટ મટી જાય. આમ વિચારી ખેડૂતે બીજે દિવસે મરઘીને મારી નાખી. પણ મરઘીના શરીરમાંથી સોનાનું એક પણ ઈંડું મળ્યું નહીં. ખેડૂતને મરઘી મારી નાખ્યા નો ઘણો પસ્તાવો થયો. તેણે મરઘી ગુમાવી અને દરરોજ મળતું સોનાની ઈંડું પણ ગુમાવ્યું. આ વાર્તા પરથી બોધ મળે છે કે વધારે લોભ કરવા જતા પસ્તાવાનો વખત આવે છે. વધારે લોભ કરવો જોઈએ નહીં.

**પ્રશ્ન - ૧) ઉપરનાં ગદ્યાંશ પરથી નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો :**

**(ક) પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) મરઘી દરરોજ સવારે શું મૂકતી હતી?

મરઘી દરરોજ સવારે સોનાનું એક ઈંડું મૂકતી હતી.

૨) આ વાર્તા પરથી આપણને શો બોધ મળે છે?

આ વાર્તા પરથી બોધ મળે છે કે વધારે લોભ કરવો જોઈએ નહીં.

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

૧) ખેડૂતને મરઘી મારી નાખ્યાનો ઘણો ---પસ્તાવો---થયો.

૨) ખેડૂત સોનાનું ઈંડું ---શહેરમાં---જઈ વેચી આવતો હતો.

**પ્રશ્ન - ૨) જોડણી સુધારો.**

| | | | |
|---|---|---|---|
| ૧) મૂઝાર | મુઝાર | ૬) હોંશીયાર | હોશિયાર |
| ૨) ફરીયાદ | ફરિયાદ | ૭) મજબુત | મજબૂત |
| 3) મશતી | મસ્તી | ૮) ખલાશી | ખલાસી |
| ૪) શવામી | સ્વામી | ૯) મુલ્યવાન | મૂલ્યવાન |
| ૫) નદિકીનારે | નદીકિનારે | ૧૦) વીદ્યા | વિદ્યા |

**પ્રશ્ન - 3) સમાનાર્થી શબ્દ લખો.**

| | | | |
|---|---|---|---|
| ૧) નેણ | આંખ, નયન, લોચન | ૬) ધ્યાન | એકાગ્રતા |
| ૨) જગ | દુનિયા | ૭) દગો | કપટ |
| 3) નિત્ય | હંમેશા, દરરોજ | ૮) રાહ | માર્ગ, રસ્તો, પથ |
| ૪) ભાઈબંધ | મિત્ર, દોસ્ત | ૯) મુસાફરી | યાત્રા, પ્રવાસ |
| ૫) દયા | મહેર | ૧૦) નૌકા | હોડી, નાવ |

**પ્રશ્ન - ૪) પાઠને આધારે ખાલી જગ્યા પૂરો.**

૧) કાનુડાએ ---ગોપીઓના---ઘરમાં શીકુ તોડ્યું.

૨) કનૈયાએ મહી મથવાની ---ગોળી ફોડી---નાખી.

૩) વીરુ---નદીમાં---ડૂબી ગયો.

૪) વીરુ અને શેરૂ---સંગોઠિયા--- મિત્રો હતા.

૫) વીરુને પોતાના ---ભણતરનું---અભિમાન હતું.

૬) કાનુડાએ ---ગોરસની---મટકી ફોડી નાખી.

**પ્રશ્ન - ૫) નીચે આપેલા વાક્યોમાંથી સાચા વાક્યની સામે ( ✓)અને ખોટા વાક્યો ની સામે(×)કરો.**

૧) શેરૂ શહેરમાં ભણવા ગયો હતો. ( × )

૨) રાધા જશોદાને ફરિયાદ કરે છે. ( × )

૩) શેરુ ના પિતા એક નાવિક હતા. ( ✓ )

૪) વ્રજમાં કાનુડાએ ધૂમ મચાવી છે. ( ✓ )

૫) ગોપીઓ બલરામની ફરિયાદ કરે છે. ( × )

૬) કાનુડાએ ગોરસ ની મટકી ફોડી નાખી. ( ✓ )

૭) ગોપીઓની જીત થાય છે. ( × )

૮) શેરુ તરીને બહાર નીકળી ગયો. ( ✓ )

**પ્રશ્ન-૬) નીચેના વાક્યો માંથી સર્વનામ શોધી લખો.**

૧) મને મોર બહુ ગમે છે. ---મને---

૨) હું પહેલા નંબરે પાસ થાઉં છું. ---હું---

૩) તેની પાસે ઘણો સામાન છે. ---તેની---

૪) તમારી સાથે વાત કરવી છે. ---તમારી---

૫) મારી પાસે ઘણાં રમકડાંઓ છે. ---મારી---

૬) મને સાઈકલ ચલાવતા આવડે છે. ---મને---

૭) મારા પપ્પા મને બહુ ગમે છે. ---મારા , મને---

૮) તમારી ક્યારે પરીક્ષા છે? ---તમારી---

૯) અમારું ઘર ઘણું ચોખ્ખું છે. ---અમારું---

૧૦) ચાલ આપણે સુરત જઈએ. ---આપણે---

૧૧) તારી તબિયત સારી છે. ---તારી---

૧૨) તેને ખૂબ સરસ લાગી હતી. ---તેને---